# ચિલ્ડ્રન યુનિવર્સિટી, ગાંધીનગર

## નાણાં સમિતિની ૧૭ મી બેઠક તા.૨૯.૦૭.૨૦૨૨ની કાર્યવાહી નોંધ

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની નાણાં સમિતિની ૧૭ મી બેઠક મા.કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને તા.૨૯.૦૭.૨૦૨૨ના રોજ સવારે ૦૯:૩૦ કલાકે મળી હતી. જેમાં નીચે મુજબના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

| | | | |
|---|---|---|---|
| ૧. | ડો. હર્ષદ એ.પટેલ, મા.કુલપતિશ્રી | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | શ્રી અશોક અગ્રવાલ, | સભ્યશ્રી | હાજર(ઓનલાઇન) |
| ૩. | ડૉ. સંજયભાઇ પટેલ (ડુંગરાણી), | સભ્યશ્રી | હાજર(ઓનલાઇન) |
| ૪. | ડૉ. અશોક એન. પ્રજાપતિ(રજિસ્ટ્રારશ્રી I/c) | સભ્યશ્રી | હાજર |
| ૫. | શ્રી સીતારામભાઈ ઝેડ. ચૌધરી (નાણાં અને હિસાબી અધિકારીશ્રી) | સભ્યસચિવ | હાજર |

બેઠકના પ્રારંભમાં સભ્યસચિવ દ્વારા સૌનું સ્વાગત કરી બેઠકની કાર્યવાહી આરંભવામાં આવી.

એજન્ડા -૧ : તા.૩૧.૦૭.૨૦૨૨ ના રોજ ચિલ્ડ્રન યુનિવર્સિટીના ૧૩માં સ્થાપના દિવસની ઉજવણી માટે થનાર અંદાજિત ખર્ચની બાબત.

ઠરાવ - ૧: તા.૩૧.૦૭.૨૦૨૨ ના રોજ ચિલ્ડ્રન યુનિવર્સિટીના ૧૩માં સ્થાપના દિવસની ઉજવણી માટે અંદાજિત રૂ.૧૦,૦૦,૦૦૦/- ખર્ચ કરવાની બહાલી આપવામાં આવે છે.

એજન્ડા - ૨ : ઇન્ટરનલ અને સ્ટેચ્યુટરી ઓડીટરના એમ્પેનલ પાસેથી ભાવપત્રકો મંગાવવા બાબત.

ઠરાવ - ૨ : ઈન્ટરનલ અને સ્ટેચ્યુટરી ઓડિટરની એમ્પેનલ નક્કી કરવા માટે ટેકનિકલ બિડની ચકાસણી ટેકનિકલ કમિટી દ્વારા કરવામાં આવેલ જેમાં માન્ય થયેલ ૧૬ સી.એ.ફર્મને તા.૨૫.૦૭.૨૦૨૨ ના રોજ ઓનલાઇન પ્રેઝન્ટેશન કમિટી સમક્ષ રજૂ કરવા જણાવેલ. તે પૈકી ૧૦ સી.એ.ફર્મ દ્વારા ઓનલાઇન પ્રેઝન્ટેશન કમિટી સમક્ષ રજૂ કરેલ હતું. કમિટી દ્વારા ૫(પાંચ) સી.એ.ફર્મને એમ્પેનલમાં લેવા માટે ભલામણ કરેલ છે. એમ્પેનલમાં આવેલ સી. એ. ફર્મ પાસેથી નાણાંકીય વર્ષ : ૨૦૨૨-૨૩, ૨૩-૨૪, ૨૪-૨૫ માટે ઈન્ટરનલ અને સ્ટેચ્યુટરી ઓડિટર માટે અને નાણાંકીય વર્ષ : ૨૦૨૧-૨૨ માટે સ્ટેચ્યુટરી ઓડિટર માટે ભાવો મંગાવીને આગળની કાર્યવાહી કરવા બહાલી આપવામાં આવે છે.

અંતમાં સભ્યસચિવ દ્વારા બેઠકમાં ઉપસ્થિત સૌનો આભાર માની બેઠકની કાર્યવાહી પૂર્ણ જાહેર કરવામાંઆવી.

Children's University * Sector-20, Gandhinagar *

સભ્યસચિવ
નાણાં અને હિસાબી અધિકારી